**ફોજદારી પરચુરણ નુ.૩૬૯/૨૦૨૩**
**ફો.કે.નં.૫૦/૨૦૨૧**

## અરજદાર/આરોપીની જામીન અરજી લગત હુકમ.

---

(૧) આજરોજ હાલની અરજી આપી અરજદાર/આરોપી તરફે તેમના વિ.વ.શ્રી એ હાલના કામના આરોપીને જામીનમુકત કરવા અરજ ગુજારેલ છે. અરજદાર/ આરોપી પક્ષે વિ. વ. શ્રી ની દલીલો સાંભળી, તેઓ તેની દલીલમાં તથા જામીન અરજીમાં વિનંતિ કરતાં જણાવે છે કે અમો આરોપી કયાય નાસી ભાગી જાય તેમ નથી તથા સદર ગુનામાં સજાની જોગવાઈ જોતા વધારે માં વધારે ર વર્ષ ની સજા હોય તથા આરોપી દર મુદતે નામદાર કોર્ટમાં હાજર રહેવાની ખાતરી આપતા હોય જેથી નામદાર કોર્ટ ફરમાવે તેવી શરતો સાથે જામીન પર મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૨) જયારે ફરીયાદપક્ષે વિ.વ.શ્રી જી.ડી.વ્યાસની દલીલો સાંભળી. તેઓ હાલની અરજી મંજુર કરવા સામે સખ્ત વાંધો લીધેલ છે અને પોતાની રજુઆતમાં જણાવેલ છે કે સદર કામના આરોપી વિરૂધ્ધ ફરીયાદ દાખલ થયા પછી આજદિન સુધી અવારનવાર આરોપીને વોરંટ કાઢેલ હોવા છતા આરોપી હાજર થયેલ નથી કે કેસ આગળ ચલાવવા કોઈ દરકાર લીધેલ નથી અને નામદાર કોર્ટમાં નિયમીત હાજર રહેલા નથી. અગાઉ ઘણા પ્રયત્નો કર્યા બાદ આજ ત્રણ વર્ષ બાદ આરોપી મળી આવેલ છે. જો આરોપી ને જામીન પર છોડવામાં આવશે તો આવી જ રીતે કેસની ટ્રાયલ ડીલ કરશે જે તમામ પાસાઓ ઘ્યાને રાખી હાલની જામીન અરજી રદ કરવા અરજ ગુજારેલ છે.

(૩) બંને પક્ષે દલીલો ઘ્યાને લેતા તેમજ રેકર્ડ જોતા સ્પષ્ટ થાય છે કે હાલનો કેસ ઘણો જુનો છે. આજદિન સુધી અવારનવાર આરોપીને વોરંટ કાઢેલ હોવા છતા આરોપી હાજર થયેલ નથી કે કેસ આગળ ચલાવવા કોઈ દરકાર લીધેલ નથી અને નામદાર કોર્ટમાં નિયમીત હાજર રહેલા નથી જેથી હાલના કેસની ટ્રાયલ ડીલે થયેલ છે. અગાઉ પણ જામીન મુકત કરવામાં આવેલ હોવા છતા આરોપી ગેરહાજર રહેતા વોરંટ થયેલ છે. હાલનો કેસ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળનો કેસ છે. જેમા મહતમ સજાની જોગવાઈ જોવામાં આવે તો ર વર્ષ છે. આરોપી સામે અગાઉ કે અન્ય કોઈ ગુનાઓ નોંધાયેલા નથી. નામદાર સુપ્રિમ કોર્ટ દવારા સંજય ચંદ્રા વિ. સીબીઆઈના કેસમા પ્રસ્થાપિત કરેલ ''જામીન તે નિયમ, જેલ તે અપવાદ'' સિધ્ધાંત ઘ્યાને લેતા હાલના આરોપીને નીચેની શરતોએ જામીનમુકત કરવુ ન્યાયોચિત જણાઈ આવે છે ન્યાયના હીતમાં આખરી હુકમ નીચે પ્રમાણે કરૂં છું.

***–:: હુકમ ::–***

અરજદાર/આરોપીની હાલની જામીન અરજી નીચેની શરતોને આધીન આથી મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

**:: શરતો ::**

અરજદાર/આરોપીએ રૂા.૩૦૦/– પેનલ્ટી તથા રૂા.૧૫૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ રાખવા. અરજદાર/આરોપીએ નિયમિત હાજર રહી કેસની ટ્રાયલ ઝડપથી પુરી કરવી.

અરજદાર/આરોપી તથા જામીનદાર બન્નેએ પોતાના કાયમી સરનામા આધાર કાર્ડ તથા મોબાઈલ નંબર સાથે પુરસીસથી જાહેર કરવા જેમા ફેરફાર થયે તાત્કાલીક અત્રેની કોર્ટને જાણ કરવી.

આજરોજ તા. ૦૩ માહે ઓગષ્ઠ સને ૨૦૨૩ ના રોજ હુકમ મારી સહી ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૩–૦૮–૨૦૨૩
ચાણસ્મા.

(યુ.જી.પઠાણ)
જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ (ફ.ક.) ચાણસ્મા.